IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# વર્તમાન સમયમાં મૂલ્ય શિક્ષણની અનિવાર્યતા

પ્રા. બકુલા વી. વસાવા
આસીસ્ટન્ટ પ્રોફેસર
જય જલારામ તાલીમી સ્નાતક મહાવિદ્યાલય થવા
તા. નેત્રંગ, જી. ભરૂચ

## સારાંશ

પ્રવર્તમાન પરિસ્થિતિમાં માનવ પોતાના અસ્તિત્વની શૂન્યતા અનુભવી રહ્યો છે. એક તરફ માનવે અવકાશ વિજય પ્રાપ્ત કર્યો છે તો બીજી તરફ તે દિશાશૂન્ય થઈને શાંતિની શોધમાં ભટકી રહ્યો છે. આમ થવાનું કારણ એ છે કે માનવીના અર્થપૂર્ણ જીવનના પાયાને આજે લૂણો લાગી છે. કારણ કે આપણે આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાથી વિમુખ થઈ ગયા છે. આપણો દેશ આજે અનેક સમસ્યાઓ જેવી કે, રોડમાંથી કરોડપતિ બનવાની મનોવૃત્તિ, જળ વિવાદો, ભાષાવાદ, પ્રાંતવાદ, કોમવાદ, ભ્રષ્ટાચાર, રાજકારણમાં અપરાધિકરણ વગેરેથી પીડાઈ રહ્યો છે. અને સામાન્ય માનવી અસહાય અને નિરાધાર બની આ પાશવી લીલાઓને નિહાળી રહ્યો છે. આ બધી સમસ્યાઓને દૂર કરવા માટે મૂલ્ય શિક્ષણ આપવું અનિવાર્ય થઇ ગયું છે. શિક્ષણ એ મૂલ્યલક્ષી પ્રક્રિયા છે. મૂલ્યલક્ષી જીવનવ્યવહારને કેન્દ્રમાં રાખી જીવનની આચારસંહિતાના યથાર્થ પાલન માટે મૂલ્યપ્રેરિત શિક્ષણ એ જ ઉકેલ છે. સામાન્ય જનસમાજમાં જીવનના શ્રેષ્ઠ ઉચ્ચત્તમ મૂલ્યોનું યોગ્ય સંરક્ષણ, સંવર્ધન તેમજ સંક્રમણ થશે તો જ ભારતનું ભવિષ્ય ઉજ્જવળ બની શકે તેમ છે. બાળકો રાષ્ટ્રના ભાવિ નાગરિકો છે. તેથી તેમનામાં રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણનું કાર્ય શાળા, કુટુંબ અને સમાજનું છે. આજે મૂલ્યશિક્ષણ વિશે વિચારી તેને પ્રસ્થાપિત કરવાની તાતી જરૂરિયાત છે. અને તે સમાજમાં સ્થિત બધી સંસ્થાઓના સામૂહિક પ્રયત્નો થકી જ શક્ય છે.

## પ્રસ્તાવના

મૂલ્યો એ માનવજીવનનો આધાર છે. માનવીના વ્યક્તિત્વનું, તેના ચારિત્ર્યનું નિર્માણ જ તેના મૂલ્યોના આધારે થાય છે. વર્તમાન યુગમાં માનવી જે તણાવભરી પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે તેનું મુખ્ય કારણ એ છે કે સમાજે વિજ્ઞાન અને ટેકનોલોજીના સહારે ભૌતિક વિકાસ તો ખૂબ કર્યો પણ વ્યક્તિમાં નૈતિક,વ્યક્તિગત વગેરે જેવા મૂલ્યોનો વિકાસ કરવામાં નિષ્ફળ નીવડ્યા. પ્રવર્તમાન સમયમાં માનવતાએ જે પછડાટ ખાધી છે તેને દૂર કરવામાં પ્રેમ, સત્ય, અહિંસા, કરુણા જેવા સનાતન મૂલ્યો દવા જેવુ કામ કરે છે. તેના માટે મૂલ્ય શિક્ષણ આપવું જરૂરી થઇ ગયું છે. બાળક મૂલ્ય અંગેનું સાચું જ્ઞાન અને સમજ મેળવે તે માટે શાળા, સમાજ અને કુટુંબે મૂલ્યશિક્ષણ પર વધુ ભાર મૂકવો આવશ્યક છે. જગતમાં મોટાભાગના પ્રશ્નો લગભગ મૂલ્યોના હ્રાસથી ઉદભવ્યા છે. પરિણામે મૂલ્યશિક્ષણ જ એક માત્ર સાધન છે કે જે જગતમાં અમૃતનું સિંચન કરી શકે છે.

રવીન્દ્રનાથ ટાગોરે મૂલ્યશિક્ષણની જરૂરિયાત પર ભાર મુક્તા કહ્યું છે કે, “શિક્ષણની મહાન ઉપયોગિતા માત્ર હકીકતો એકઠી કરવામાં નથી, પરંતુ મનુષ્યને જાણવામાં છે અને મનુષ્યને એ યોગ્ય બનાવવાનો છે કે મનુષ્ય પોતાની જાતને જાણી શકે.”

## મૂલ્યનો અર્થ

સામાન્યતઃ મૂલ્યને આપણે કિંમત તરીકે વધારે જાણતા હોય છે. ઓક્સફર્ડ શબ્દકોશ અનુસાર ‘Value’ શબ્દનો અર્થ ‘Worth’ કે યોગ્ય થાય છે. મૂલ્ય એટલે સાચું-ખોટું તારવવાની શક્તિ. મૂલ્ય એટલે પાત્રતા મૂલવવી, કોઈ પણ વસ્તુ વિચારીને ઉચ્ચત્તમ છે તેવો નિર્ણય આપવો. ભાટીયાના મતે, માનવને જેના વડે અને જેના માટે જીવવાનું મન થાય તેવી માન્યતા કે ખ્યાલોને મૂલ્યો કહેવામાં આવે છે.

“મૂલ્યો એટલે મનોવૈજ્ઞાનિક, સામાજિક, નૈતિક, કે સૌંદર્ય પરખતાને લક્ષમાં રાખીને માનવીની સારું-નરસું તારવવાની શક્તિ.”

- કાર્ટર વી. ગુડ.

## મૂલ્યશિક્ષણનો અર્થ અને વ્યાખ્યા

અર્થની દ્રષ્ટિએ મૂલ્ય મીમાંસા માટે વપરાતો અંગ્રેજી શબ્દ Axiology ગ્રીક ભાષાના 'Axios' પરથી ઉતરી આવ્યો છે. ફ્રેંચ ભાષામાં મૂલ્યનો અર્થ ઉત્તમ, હિન્દી ભાષામાં મૂલ્ય શબ્દના પર્યાયવાચી શબ્દ તરીકે 'આદર્શ' કે 'શીલ' શબ્દ પ્રયોજાય છે. સંસ્કૃતમાં પણ મૂલ્યનો 'શીલ' તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે. આમ મૂલ્ય શબ્દના ઘણા ઉદગમ જોવા મળે છે. પરંતુ મૂળ ઉદગમ તત્વજ્ઞાન અને ધર્મમાં જોવા મળે છે.

## વ્યાખ્યા

જાની (૧૯૯૪) ના મતાનુસાર, "વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર, પ્રકૃતિ તથા વિશ્વ પ્રત્યે સદભાવ અને સમભાવ જાગે તેવા કાર્યો કરવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા શિક્ષણને મૂલ્યશિક્ષણ કહેવાય."

ગુપ્તા (૧૯૮૬) ના મતાનુસાર, "શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અન્ય વિદ્યાર્થી, શાળા, સમાજ અને પ્રકૃતિ સાથેની અપેક્ષિત (યોગ્ય) વર્તન તરેહનાં રૂપાંતર માટે મૂલ્યશિક્ષણ છે."

જોષી (૨૦૦૪) ના મતાનુસાર, "મૂલ્ય શિક્ષણ એટલે વિવિધ મૂલ્યોના અર્થ આપવા, તેની જરૂરિયાતની સમજ ઊભી કરવી, સમય જતાં મૂલ્યોમાં જે પરિવર્તન આવતા રહ્યા છે તે મૂલ્યોનો ઇતિહાસ શિખવવો. ચિરસ્થાયી મૂલ્યો, અચિરસ્થાયી મૂલ્યો વચ્ચેનો પરિચય કરાવવો. મૂલ્યોને કારણે ઊભા થયેલા વ્યક્તિચરિત્રોની ઓળખ આપવી."

## મૂલ્ય શિક્ષણની સંકલ્પના

મૂલ્યશિક્ષણની સંકલ્પના ભારતીય શિક્ષણ સમાજ માટે નવી સંકલ્પના નથી. સ્વતંત્રતા પહેલા ભારતમાં ગુરુકુળો, આશ્રમો, મદ્રેસાઓ તથા અન્ય સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું હતું. સ્વતંત્રતા બાદ બિનસાંપ્રદાયિક ભારતમાં નૈતિક શિક્ષણની યોજનાઓ અસ્તિત્વમાં આવી. જેમાં બાળક નિયમિત જીવન જીવી શકે તે માટેના શિક્ષણનો આગ્રહ રાખવામાં આવ્યો. ત્યારબાદ જુદા-જુદા પંચો અને સમિતિઓએ આધ્યાત્મિક શિક્ષણ, ધાર્મિક શિક્ષણ, નૈતિક શિક્ષણની હિમાયત કરી જેમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ : ૧૯૮૬ શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં મૂલ્યશિક્ષણ પર વિશેષ ભાર આપવાનું સૂચન કર્યું.

મૂલ્ય શિક્ષણની સંકલ્પના સમજવા માટે તેના પાછળની સૈધ્ધાંતિક, તાત્વિક, વ્યવહારુ અને ઐતિહાસિક ભૂમિકા જાણવી જરૂરી બને છે.

## સૈધ્ધાંતિક ભૂમિકા

જ્ઞાન વિસ્ફોટ અને વ્યક્તિ સમાજની વિશિષ્ટ જરૂરીયાતો એ વસ્તી શિક્ષણ, પર્યાવરણ શિક્ષણ, કમ્પ્યુટર શિક્ષણ, જાતીય શિક્ષણ, મૂલ્ય શિક્ષણ જેવા નુતન જ્ઞાનક્ષેત્રોના ઉદભવના કારણરૂપ ગણી શકાય તત્વજ્ઞાનની શાખા મૂલ્યમીમાંસાના ભાગરૂપે મૂલ્યશિક્ષણ અસ્તિત્વમાં આવ્યું. સાંપ્રત સમયમાં સામાજિક પરિવર્તનનાં કારણે વિશિષ્ટ એવા જ્ઞાનાત્મક, ભાવાત્મક અને મનોગામીક ધર્મ-કૌશલ્યની જરૂરિયાત ઊભી થઇ. આ જરૂરિયાતોને પૂર્ણ કરવા મૂલ્ય શિક્ષણ ઉપયોગી છે.

## તાત્વિક ભૂમિકા

મૂલ્ય શિક્ષણ આદર્શો, વ્યાવસાયિક અને સામાજિક સજ્જતા તથા તકનીકી વ્યવહાર શિખવવાના હેતુ ઉપર ભાર મૂકે છે. આ દ્રષ્ટિએ સત્ય, સહકાર અને આત્માભિવ્યક્તિનું શિક્ષણ છે. સત્ય, પ્રામાણિકતા, ધર્મ વગેરે આદર્શોએ પરંપરાવાદીઓની માંગ છે. તેમજ સહકાર, સેવા અન્યની લાગણીનો સ્વીકાર એ સામાજિક કે વ્યવહારુ સજ્જતા માટે છે. જે વ્યવહારવાદીઓની માંગ છે. આ રીતે મૂલ્ય શિક્ષણ સત્ય, સહકાર અને આત્મભિવ્યક્તિ જેવા મૂલ્યોને ઓળખાવે છે. તેથી તેની જરૂરિયાત ઊભી થઇ છે.

## વ્યવહારુ ભૂમિકા

બ્રહ્માકુમારી ઇશ્વરીય મહાવિધાલય, પ્રશાંત નિલયમ, સ્વામીનારાયણ સંસ્થાન વગેરે સંસ્થાઓએ વિભક્ત કુટુંબ વ્યવસ્થા, પર્યાવરણીય કટોકટી, રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના વિખવાદો જેવી સમસ્યાઓ વચ્ચે જીવતા માનવજીવનના સદાચારિકરણની જરૂરિયાત સમાજને સમજાવી છે. ત્યારે આ દ્રષ્ટિકોણ અપનાવતા કરવા માટે શાળાના વિદ્યાર્થીઓ માટે મૂલ્ય શિક્ષણ ભૂમિકા સર્જે છે.

## ઐતિહાસિક ભૂમિકા

શિક્ષણ વિકાસ માટે રચાયેલા વિવિધ કમિશનો જેમ કે રાધાકૃષ્ણન શિક્ષણ પંચ (૧૯૪૮-૪૯), મુદલિયાર શિક્ષણ પંચ (૧૯૫૨-૫૩), શ્રી પ્રકાશ સમિતિ (૧૯૫૯), કોઠારી શિક્ષણ પંચ (૧૯૬૪-૬૬), રાષ્ટ્રીય શિક્ષણ નીતિ : (૧૯૮૬) વગેરેએ અનુક્રમે ધાર્મિક શિક્ષણ, ચારિત્ર્ય માટે કેળવણી, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું શિક્ષણ, સામાજિક-નૈતિક-આધ્યાત્મિક મૂલ્યોનું સંગઠિત અને સભાન શિક્ષણ અને મૂલ્ય શિક્ષણ પ્રયોજવા અંગે ભલામણ કરી છે. આમ શિક્ષણના બધા જ પંચો એ કોઇને કોઇ અર્થમાં મૂલ્યશિક્ષણની હિમાયત કરી છે. જેમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ : ૧૯૮૬ એ બધા જ પંચો અને વ્યક્તિ વિશેષોની ભલામણને સાકાર કરવા શિક્ષણના સંદર્ભમાં મૂલ્યશિક્ષણનો વિચાર વહેતો મૂક્યો છે.

## મૂલ્યોના પ્રકારો

1. ભારતીય સંસ્કૃતિ મુજબ મુખ્ય ત્રણ પ્રકારના મૂલ્યો છે.
   ૧. સત્યમ
   ૨. શિવમ
   ૩. સુંદરમ
2. રાવલ તથા અન્યો (૨૦૦૪) એ મૂલ્યના પ્રકાર અંગેના બે વર્ગીકરણો આપેલ છે.
   પ્રથમ વર્ગીકરણમાં મૂલ્યોને બે પ્રકારમાં વિભાજિત કરેલ છે.

   **A. સનાતન, સાશ્વત અથવા પાયાના મૂલ્યો**

   નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોએ શાશ્વત અથવા પાયાના મૂલ્યો છે. આ પ્રકારના મૂલ્યો સનાતન છે. તે કદી કાલગ્રસ્ત થતાં નથી. દા. ત. સત્ય, અંહિસા, પ્રેમ, શાંતિ, પવિત્ર વર્તન વગેરે.

   **B. ભૌતિક, દુન્યવી અથવા બદલાતા મૂલ્યો**

   સામાજિક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક અને ઘરેલુ મૂલ્યોએ ભૌતિક, દુન્યવી અથવા અશાશ્વત મૂલ્યો છે. વ્યવહારવાદ શાશ્વત મૂલ્યોને સ્વીકારતો નથી. બીજા વર્ગીકરણમાં મૂલ્યોને પ પ્રકારમાં વિભાજિત કરેલા છે.

   **I. પ્રાથમિક મૂલ્યો**

   જીવનને ટકાવી રાખનારા મૂલ્યોને પ્રાથમિક મૂલ્યો તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે, સુખ, શાંતિ વગેરે...

   **II. હકારાત્મક મૂલ્યો**

   જ્યારે માણસને આચરવા માટે કોઈ ક્રિયા પસંદ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે તે અમુક ક્રિયા પસંદ કરે છે. જે તેને માટે યોગ્ય હોય. આ રીતે માણસને સંતોષપ્રદ પરિણામો તરફ દોરી જાય તેવા મૂલ્યો હકારાત્મક કે વિધેયાત્મક કહેવાય. દા. ત. ધાર્મિક, નૈતિક મૂલ્યો.

   **III. નકારાત્મક મૂલ્યો**

   કેટલીક વખત નકારાત્મક રીતે પણ મૂલ્યોમાં પરિવર્તન થતું હોય છે.

   **IV. સાધનિક મૂલ્યો**

   જે મૂલ્યો ઉત્તમ ધ્યેયની પૂર્તિમાં મહત્વનું યોગદાન આપતા હોય અને મૂલ્યોની સિધ્ધી માટે જેને પ્રયોજવામાં આવે તે સાધનિક મૂલ્યો છે.

   **V. અવિભાજ્ય મૂલ્યો**

   આ પ્રકારના મૂલ્યોને વસ્તુથી અલગ પાડી શકાતા નથી. વસ્તુનું મૂલ્ય વસ્તુ અંતર્ગત હોય છે. તે અવિભાજ્ય હોવાથી તેને સ્વાભાવિક કે અવિભાજ્ય મૂલ્યો તરીકે ઓળખવામાં આવે છે.
3. રાવલ (૨૦૧૧) ના મતે, વ્યક્તિગત મૂલ્યો, સામાજિક મૂલ્યો, આર્થિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો, આધ્યાત્મિક મૂલ્યો, જૈવિક મૂલ્યો, વૈશ્વિક મૂલ્યો, નૈતિક મૂલ્યો વગેરે છે.

## વર્તમાન સમયમાં મૂલ્ય શિક્ષણની સ્થિતિ

સાંપ્રત સમયમાં વિભક્ત કુટુંબ વ્યવસ્થા વધી રહી છે. પરિણામ સ્વરૂપે ઘરમાંથી મળતા મૂળભૂત સંસ્કારો સત્ય, પ્રેમ, સહકાર, મહેનત, પરિશ્રમ, સ્વચ્છતા, વાત્સલ્ય વગેરે જેવા મૂલ્યો ધીમે ધીમે લુપ્ત થતાં જાય છે. કુટુંબમાં ઐક્ય જોવા મળતું નથી. પરિવારમાં સંબંધોની મીઠાશ કડવાશમા બદલાતી જોઈ શકાય છે. ઘરની સુખાકારી વધવાથી પરિશ્રમ પ્રત્યેના વલણો ઘટતા જાય છે. ઘરના બધા સભ્યો કમ્પ્યુટર અને મોબાઇલમાં વ્યસ્ત છે. ત્યારે ઘરના પવિત્ર વાતાવરણને આજે અશાંતિનો રોગ લાગી ગયો છે. ઘરમાં એકબીજાના અંતરની વાત કોઈ સમજતું નથી. આમ ઘરમાંથી બાળકને અપાતાં મૂલ્ય શિક્ષણનો અભાવ જોવા મળે છે. સાથે જ આપણો સમાજ ભાષાવાદ, જ્ઞાતિવાદ, પ્રાંતવાદ, સાંપ્રદાયિક્તા વગેરે જેવી સમસ્યાઓમાં ફસાઇ ગયો છે. સમાજમાં માણસ-માણસ વચ્ચે પરસ્પર પ્રેમ, સહાનુભૂતિ, સહયોગ, સહિષ્ણુતા, ઉદારવાદ, આત્મ-સન્માન, કર્તવ્યનિષ્ઠા, વિવેકશીલતા, વિનમ્રતા, આત્મગૌરવ ક્યાંય જોવા મળતા નથી. આજે સમાજ બળાત્કાર, કરચોરી, ભ્રષ્ટાચાર, ખૂના મરકી, મોંઘવારી, ગરીબી જેવી વિકરાળ સમસ્યાઓથી ઘેરાય ગયો છે. વસુધૈવ કુટુંબકમની ભાવના માત્ર પુસ્તકોમાં ધરબાઈને પડી છે. લગ્નસંસ્થા, કુટુંબસંસ્થા, વ્યવહાર જગત આ બધામાં સ્વાર્થની લૂણો લાગી ગઈ છે. ત્યારે આવી વિકરાળ પરિસ્થિતિમાં માણસના મૂળભૂત મૂલ્યો નાશ પામ્યા છે. તેમજ શાળા-કોલેજમાં પણ વિદ્યાર્થી માત્રને માત્ર ફી ભરનાર સાધન અને શિક્ષકો વહીવટી કારીગરો થઈ ગયા છે. વર્ગખંડો નીરસ બનતા જાય છે. આપણા વિદ્વાનોએ સૂચવેલી "ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે." ની અપેક્ષાઓ ક્યાંય ભાંગીને ભુક્કો થઈ ગઈ છે. વિદ્યાર્થીમાંથી મહેનત કરીને જ્ઞાન પ્રાપ્ત કરવાની ઝંખનાઓ મૃતઃપાય થઈ ગઈ છે. શિક્ષક વિદ્યાર્થીઓમાં કર્તવ્યભાવનાનો નાશ થઈ ગયો છે.

## વર્તમાન સમયમાં મૂલ્યશિક્ષણની આવશ્યકતા

પ્રવર્તમાન સમયમાં માનવી મૂલ્યાભિમુખ થાય તે જરૂરી છે. ઘણા સમયથી ભારતના શિક્ષણમાં મૂલ્યશિક્ષણની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. આઝાદી પહેલા ગાંધીજીની બુનિયાદી તાલીમના શિક્ષણ અહેવાલમાં મૂલ્યશિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.. ત્યારબાદ રાધાકૃષ્ણન યુનિવર્સિટી પંચ, મુદલિયાર કમિશન, શ્રી પ્રકાશ સમિતિ, કોઠારી કમિશન અને ૧૯૮૬ ની રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં પણ મૂલ્ય શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. રાવલ (૨૦૧૧) ના મતે, મૂલ્યશિક્ષણની આવશ્યકતા શા માટે છે તેની માહિતી નીચે મુજબ છે.

1. દિન પ્રતિદિન આવશ્યક મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે. સમાજમાં ચારે તરફ ધૃણા અને તિરસ્કારનું વાતાવરણ ઊભું થયું છે ત્યારે સામાજિક અને નૈતિક મૂલ્યો પ્રજાજીવનમાં સંક્રમિત કરવા માટે મૂલ્ય શિક્ષણ આવશ્યક છે.
2. સમાજને નૈતિક અને આધ્યાત્મિક અધઃપતનથી બચાવી, સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે.
3. દેશની સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વરસાના સંરક્ષણ, સંવર્ધન, સંપ્રસારણ અને સંક્રમણ માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે. મૂલ્યો સંસ્કૃતિના પ્રજીવકો છે. મૂલ્યસિંચન દ્વારા સંસ્કૃતિનું વૃક્ષ પરિપુષ્ટ બને છે. દેશની ઉજ્જવળ સાંસ્કૃતિક પરંપરાઓ, પ્રણાલીઓ, માન્યતાઓ અને આદર્શોના જતન માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે.
4. વિજ્ઞાન અને ટેકનોલોજીની હરણફાળ સાથે લોકોની ભૌતિક સમૃદ્ધિ વધવા છતાં આંતરિક અશાંતિ અને અજંપો વધતો જાય છે. આમાંથી માનવજાતને ઉગારવા મૂલ્યશિક્ષણ આપવું અનિવાર્ય છે.
5. આપણા પ્રાચીન શાશ્વત અને સનાતન મૂલ્યો જેવા કે, સત્ય, અહિંસા, ભાતૃભાવ જેવા મૂલ્યોનું ધોવાણ થયું છે. આવા મૂલ્યોની પુનઃસ્થાપના માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય બન્યું છે.
6. વિશ્વમાં માનવ-માનવ વચ્ચે ધર્મ, કોમ, ભાષા વગેરેની દીવાલો ઊભી થઇ છે તેમજ માનવ પૂર્વગ્રહો અને દુરાગ્રહોથી પીડિત છે. ત્યારે આવા પૂર્વગ્રહો દૂર કરવા વિદ્યાર્થીઓમાં બાળપણથીજ શિક્ષણ દ્વારા મૂલ્યો સંક્રમિત કરવા અનિવાર્ય છે.
7. ભારત જેવા લોકશાહી દેશમાં લોકશાહીનું સંરક્ષણ કે સંવર્ધન કરવા માટે સમાનતા, સ્વતંત્રતા, બંધુત્વ ઉપરાંત બિનસાંપ્રદાયિક્તા, રાષ્ટ્રીયતા જેવા મૂલ્યો વિકસાવવા માટે તેમજ સ્વચ્છતા, સ્વાવલંબન, સહકાર, સામાજિક ન્યાય, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, પર્યાવરણ સંરક્ષણ જેવા મૂલ્યોનું શિક્ષણ અનિવાર્ય છે.
8. વિદ્યાર્થીઓમાં સ્વમાનની લાગણી વિકસાવવા અને તેમનામાં વારસાગત ગુણોનો વિકાસ કરવા માટે અને સામાજિક અને નૈતિક મૂલ્યો આત્મસાત કરવા મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે.
9. વિદ્યાર્થીઓમાં સ્વસ્થ જીવન જીવવા માટેના યોગ્ય વલણોનો વિકાસ કરવા મૂલ્યશિક્ષણ જરૂરી છે. આવા હકારાત્મક વલણો પોતાની જાત પ્રત્યે, સમાજ, રાષ્ટ્ર, વિશ્વ, પર્યાવરણ, સમગ્ર માનવજાત પ્રત્યે વિકસાવવા જરૂરી છે.
10. માનવીમાં કેટલાક મૂળભૂત માનવીય ગુણોનો વિકાસ કરવા માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે.

## વર્તમાન સમયમાં મૂલ્યોના વિકાસ માટેના ઉપાયો

- માતા- પિતાએ બાળકોને આપણા મૂલ્યો કેટલા જરૂરી છે તે સમજાવવું જોઈએ.
- બાળકોને મૂલ્યો શીખવવા માટે ઘરના સભ્યોએ મૂલ્યોના આચરણ બાબતે ખૂબ સજાગ રહેવું જોઈએ.
- બાળકને પોતાના નિર્ણય જાતે અને યોગ્ય લેતા શીખવવું જોઈએ.
- બાળકને તેના વર્તન વિશે સજાગ બનાવવું જોઈએ.
- બાળકને મૂલ્યો આધારિત કથાઓ કે પ્રસંગો કહી બાળકમાં મૂલ્યો સ્થાપવા પ્રયત્નો કરવા જોઈએ.
- સમાજમાં પ્રવર્તતા જનરેશન ગેપને માતા પિતાએ દૂર કરવા પ્રયત્ન કરવા જોઈએ. પરિવારના સભ્યોએ બાળકો સામે મૂલ્ય સભર વર્તન વ્યવહારો કરવા જોઈએ જેથી બાળક પણ તેવું વર્તન કરતાં શીખે.
- જ્ઞાતિના સામાજિક બંધનો તોડીને સર્વને સમાન દ્રષ્ટિથી જોવાની ટેવ પાડવી જોઈએ.
- સાંસ્કૃતિક વરસાની જાળવણી માટે સૌમાં સમજણ ઊભી કરવી જોઈએ.
- સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉજવણી કરવી જોઈએ.

સલ્લા (૨૦૧૬) ના જણાવ્યા મુજબ,

- અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં સર્જનાત્મકતા લાવવી જોઈએ.
- શિક્ષકે નવીન જ્ઞાન અને ટેક્નોલોજીથી સજ્જ રહેવું જોઈએ.
- રાષ્ટ્રીય, સાંસ્કૃતિક, સામાજિક તહેવારોની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં મૂલ્યો સ્થાપી શકાય.
- શાળા-કોલેજનું વાતાવરણ પરિવારભાવથી ભરેલું હોવું જોઈએ.
- પ્રાર્થના, પ્રવાસ, રમત-ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે સહઅભ્યાસિક પ્રવૃતિઓ કરાવવી જોઈએ.
- વર્ગખંડનું વાતાવરણ ભાવનાત્મક અને મૂલ્યસભર વર્તનવાળું હોય તેની શિક્ષકે કાળજી રાખવી જોઈએ.
- શિક્ષકોએ બાળકોમાં મૂલ્યો સંક્રાંત કરવા માટે પોતાનું આચરણ અને વર્તન અનુકરણીય અને દ્રષ્ટાંત રૂપ બનાવવું જોઈએ.

## ઉપસંહાર

જીવનમાં મૂલ્યોનું આગવું સ્થાન હોવું જોઈએ. શિક્ષણનો મૂળભૂત ઉદ્દેશ્ય બાળકોમાં મૂલ્યોનું સિંચન અને સારા ચરિત્ર્યનું નિર્માણ કરવાનું હોવું જોઇએ. બાળકમાં બાળપણથીજ ઉત્તમ મૂલ્યોનું બીજારોપણ કરવામાં આવશે તો જ ભવિષ્યમાં સારા ફળની પ્રાપ્તિ થશે. કારણ કે મૂલ્યો થકીજ ઉત્તમ ચારિત્ર્યવાળા માનવોનું નિર્માણ થશે. જે રાષ્ટ્ર, પરિવાર અને સમાજ માટે ઉપયોગી નાગરિક બની શકશે. કારણકે વર્તમાન સમયમાં દેશ અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે. આવા સમયે શાળા, પરિવાર અને સમાજની ફરજ છે કે તે બાળકોમાં વિવધ પ્રકારના મૂલ્યોનું સિંચન કરે. જેથી તે રાષ્ટ્ર અને સમાજની પ્રગતિમાં પોતાનું યોગદાન આપી શકે.

## સંદર્ભસૂચિ


1. રાવલ, જી. (૨૦૦૧). ***જાહેર જીવન અને નૈતિક મૂલ્યો.*** જીવન અને શિક્ષણ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ
   બોર્ડ ગુજરાત રાજ્ય.
2. પટેલ, એન. ડી. તથા અન્યો (૨૦૧૦). ***મૂલ્ય શિક્ષણ.*** (પ્રથમ આવૃત્તિ) બીલીમોરા : શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય,
   ગુજરાત રાજ્ય.
3. જોષી, એચ. ઓ. (૧૯૯૮). ***મૂલ્યશિક્ષણ,*** (પ્રથમ આવૃત્તિ). રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય.
4. પટેલ, જી. આર. (૨૦૧૭). ***મૂલ્ય શિક્ષણ.*** અમદાવાદ : અમોલ પ્રકાશન.
5. નાયક, બી. આર. (જૂન ૨૦૧૭). ***નૈતિક મૂલ્યો દ્વારા શ્રેષ્ઠ જીવન ઘડતર.*** અચલા. મેમનગર,અમદાવાદ: એજ્યુકેશન
   ફાઉન્ડેશન ટ્રસ્ટ.
6. રાવલ, એન. વી. (૨૦૧૧). ***કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ.*** અમદાવાદ: નીરવ પ્રકાશન.
7. સલ્લા, એમ. (૨૦૧૬). ***શિક્ષણમાં સર્વકલ્યાણકાર મૂલ્યોનો વિકાસ.*** ઘરશાળા. અમદાવાદ: સરસ્વતી વિધ્યામંડળ.